સોમનાથઃ વિનાશ સામે આસ્થાના વિજયની અમર ગાથા

ગઝનવીના આક્રમણથી લઈ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના આધુનિક વિઝન સુધીની વિકાસયાત્રા

મિતેશ પરમાર, વેરાવળ,

કેન્દ્રસમાન સોમનાથ મંદિરનો ઇતિહાસ અડગ શ્રદ્ધા અને અવિરત પુનર્નિર્માણની અપ્રતિમ કહાની છે. દ્વાદશ જ્યોર્તિલિંગોમાં પ્રથમ સ્થાન ધરાવતું આ પવિત્ર ધામ સદીઓથી ભારતીય અસ્મિતાનું રક્ષક રહ્યું છે.

ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય અને સંઘર્ષનો ઇતિહાસ સોમનાથ મંદિરની ભવ્યતા અને સમૃદ્ધિ જ પ્રાચીન સમયમાં આક્રમણખોરો માટે આકર્ષણનું કારણ બની હતી. ઈ.સ. ૧૦૨૫–૨૬માં અફઘાનિસ્તાનના ગઝની પ્રાંતના સુલતાન મહમદ ગઝનવીએ સોમનાથ પર તેનું સૌથી વિનાશક આક્રમણ કર્યું હતું. તે સમયે સોમનાથ અતિ સમૃદ્ધ ધાર્મિક કેન્દ્ર હતું, જેને લૂંટવા માટે ગઝનવીએ રણપ્રદેશના કઠિન માર્ગો પાર કર્યા હતા. સ્થાનિક શાસકો અને પ્રજાએ વીરતાપૂર્વક પ્રતિકાર કર્યો, પરંતુ ગઝનીએ મંદિરને ભારે નુકસાન પહોંચાડી સંપત્તિની લૂંટ ચલાવી. તેમ છતાં, ગઝની આસ્થાને ખતમ કરવામાં નિષ્ફળ રહ્યો. તેના ગયા બાદ તુરંત જ ચૌલુક્ય (સોલંકી) શાસકોએ મંદિરનું પુનઃનિર્માણ કરી સંસ્કૃતિને જીવંત રાખી હતી.

સ્વતંત્રતા અને રાષ્ટ્રીય ગૌરવનું પુનઃસ્થાપન ભારતની આઝાદી બાદ સોમનાથ મંદિરનું નવસર્જન એ રાષ્ટ્રીય આત્મગૌરવનો વિષય બન્યો હતો. લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે ૧૯૪૭માં મંદિરને તેના મૂળ ગૌરવ સાથે પુનઃનિર્મિત કરવાનો સંકલ્પ કર્યો. તેમના માર્ગદર્શન હેઠળ પ્રખ્યાત શિલ્પકાર પ્રભાશંકર સોમપુરાએ પરંપરાગત ચાલુક્ય શૈલીમાં ભવ્ય મંદિરનું નિર્માણ કર્યું. ઈ.સ. ૧૯૫૧માં પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના હસ્તે જ્યારે મંદિરનું લોકાર્પણ થયું, ત્યારે તેમણે તેને ભારતની સાંસ્કૃતિક પુનર્જાગૃતિનું પ્રતીક ગણાવ્યું હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું વિઝન અને આધુનિક વિકાસની નવી ક્ષિતિજો વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ બન્યા બાદ સોમનાથના વિકાસમાં એક નવો આધુનિક અધ્યાય શરૂ થયો છે. તેમના દૂરંદેશી આયોજન હેઠળ મંદિર પરિસરને વૈશ્વિક કક્ષાનું પર્યટન સ્થળ બનાવવામાં આવ્યું છે. શ્રદ્ધાળુઓ માટે ડિજિટલ દર્શન, સુરક્ષા અને સુવિધાઓમાં અભૂતપૂર્વ વધારો કરાયો છે. પ્રોમેનાડ (વોક-વે): સમુદ્ર કિનારે બનેલો સુંદર પદયાત્રી માર્ગ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. ટેકનોલોજી: ભવ્ય;લાઈટ એન્ડ સાઉન્ડ શોદ્વારા ઇતિહાસને જીવંત રાખવાના પ્રયાસો થયા છે. સંરક્ષણઃ દરિયાઈ ક્ષાર અને કાટથી મંદિરને બચાવવા માટે વિશેષ તકનીકી પગલાં લેવામાં આવ્યા છે. સોમનાથ મંદિર એ પરંપરાગત મૂલ્યો અને આધુનિક વિકાસના સુમેળનું ઉત્કૃષ્ટ ઉદાહરણ બનીને વિશ્વભરના શ્રદ્ધાળુઓ માટે આસ્થા અને રાષ્ટ્રીય આત્મગૌરવનું જીવંત પ્રતીક બનીને ઊભું છે.

સોમનાથ મંદિરમાં આવેલો બાણસ્તંભ ભારતની વૈજ્ઞાનિક દૃષ્ટિ, ભૂગોળીય સમજ અને અડગ આત્મવિશ્વાસનું પ્રતિક

બાણસ્તંભ પર અંકિત શિલાલેખ મુજબ અહીંથી દક્ષિણ દિશામાં પૃથ્વીના અંત સુધી કોઈ ભૂખંડ નથી

મિતેશ પરમાર, વેરાવળ, તા.૮ જાન્યઆરી, ૨૦૨૫

સોમનાથ - વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષ સ્થાને યોજાનાર સોમનાથ સ્વાભિમાન પર્વ ભારતની હજારો વર્ષ જૂની સંસ્કૃતિના અખંડ પ્રવાહને વર્તમાન અને ભવિષ્ય સાથે જોડતો રાષ્ટ્રીય સંકલ્પ બની રહેવાનો છે ત્યારે સોમનાથ મંદિરની ભવ્યતા સાથે વર્ષો જૂનો ઇતિહાસ વણાયેલો છે. ભારતની સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ચેતનામાં સોમનાથ મંદિર એક મંદિર માત્ર નથી, પરંતુ તે અખંડ આસ્થા, રાષ્ટ્રીય અસ્મિતા અને સંસ્કૃતિના પુનર્ઉત્થાનનું જીવંત પ્રતિક છે.

ભારતની પ્રાચીન સંસ્કૃતિ, આધ્યાત્મિક પરંપરા અને રાષ્ટ્રીય ગૌરવનું જીવંત કેન્દ્ર એવા સોમનાથ મંદિર ખાતે આયોજિત સોમનાથ સ્વાભિમાન પર્વ ભારતના ઐતિહાસિક સ્વાભિમાન અને સાંસ્કૃતિક પુનર્ઉત્થાનનો સશક્ત અભિવ્યક્તિરૂપ કાર્યક્રમ છે. આ પર્વના પરિપ્રેક્ષ્યમાં મંદિર પરિસરમાં સ્થિત બાણસ્તંભનું વિશેષ ઐતિહાસિક અને પ્રતીકાત્મક મહત્વ ઉજાગર થાય છે.

સોમનાથ મંદિરના પ્રાંગણમાં અરબી સમુદ્ર તરફ અભિમુખ બાણસ્થંભ પ્રાચીન ભારતની વૈજ્ઞાનિક દૃષ્ટિ, ભૂગોળીય સમજ અને અડગ આત્મવિશ્વાસનું પ્રતિક છે. બાણસ્તંભ પર અંકિત સંસ્કૃત શિલાલેખ મુજબ અહીંથી દક્ષિણ દિશામાં પૃથ્વીના અંત સુધી કોઈ ભૂખંડ-જમીન નથી, જે તત્કાલિન ભારતના વિદ્વાનોની વિકસિત ભૂગોળીય સમજને દર્શાવિ છે.

સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત બાણસ્તંભ ભારતના અખંડ સ્વાભિમાન, અવિરત સંસ્કૃતિ અને પુનર્જાગૃતિના સંદેશનું પ્રતિક છે. આંક્રાતાઓના વારંવારના આક્રમણો અને વિધ્વંસ બાદ પણ સોમનાથ મંદિરનું પુનઃર્નિર્માણ અને તેની સાથે જોડાયેલી વિરાસત ભારતની અડગ આસ્થા અને આત્મ સન્માનને પ્રતિબિંબિત કરે છે.

ઇમિટેશન જ્વેલરી મેકિંગમાં રાજકોટ ભારતમાં પ્રથમ અને સમગ્ર એશિયામાં બીજા નંબરે

નવરાત્રિ-દિવાળી-લગ્નગાળાની સીઝનમાં ઇમિટેશન જ્વેલરીની માંગમાં મહત્તમ ઉછાળો

ટ્રેડીશનલ-એથનિક-ફ્યુઝન-ટેમ્પલ-મીનાકારી-કુંદન વગેરે પ્રકારની જ્વેલરીનું મોટું માર્કેટ

રાજકોટ, તા. ૯

સોના અને ચાંદીના ભાવ આસમાનને આંબી રહયા છે, ત્યારે મધ્યમવર્ગના માનવીઓના આભૂષણપ્રેમને રાજકોટનો ઇમીટેશન જવેલરી ઉદ્યોગ મહદઅંશે નિખારી રહયો છે.

નમણી નાર માટે કાનની બુટ્ટીઓ - ઝુમકા, સ્ટડ, હૂપ્સ, લટકણીયા, ચાંદબાલી, ડાંગર, ઈયર કફ્સ, ઈયર ક્લાઈમ્બર્સ, ગળાનો હાર - ચોકર્સ, પેન્ડન્ટ સેટ, સ્ટેટમેન્ટ નેકલેસ, મંગળસૂત્ર, લોકેટ, કડલી, કડલા, બંગડીઓ, કડા, હાથના પંજા, પોચી, પગના પાયલ, ઝાંઝર, વીંછીયા, માછલી, માંગ ટિક્કા, કમરબંધ, , કપલ વીટીઓ, બાજુબંધ, નોઝ રિંગ્સ જેવા અગણિત ઘરેણાંઓ અવનવી ડિઝાઈનમાં જોવા મળે છે.પહેલી નજરે અસલી સોના-ચાંદીના દાગીના જેવું જ ફીનીશીંગ ધરાવતા આ તમામ ઘરેણાંઓ ખૂબ નજીવી કિંમતે ઇમિટેશન જ્વેલરીમાં મળી જાય છે. જેમાં અમેરિકન ડાયમંડ, કુંદન, ઓક્સિડાઈઝ્ડ ચાંદી અથવા રોજિંદા આભૂષણોથી લઈને બ્રાઈડલ આભૂષણો વિશેષ રીતે તૈયાર કરવામાં આવે છે. ચોખવટ ન કરીએ તો ભલભલી મહિલાઓ થાપ ખાઈ જાય એ હદની ઈમીટેશન જવેલરી સોનાચાંદીના સાચા આભૂષણોને ટક્કર મારી શકે છે.

રાજકોટના ઇમિટેશન જ્વેલરી માર્કેટનો નવો નિખારઃ

ઈમીટેશનના ઘરેણાંઓમાં અવનવી ડિઝાઈન્સ જોવા મળે છે જેમાં ટ્રેડિશનલ, મોડર્ન, એથનિક, ફ્યુઝન, બોહેમિયન, બ્રાઈડલ, પાર્ટી વેર, એન્ટિક, ટેમ્પલ, સાઉથ ઈન્ડિયન સ્ટાઈલસ જોવા મળે છે.આવા ઘરેણાંઓ મોટે ભાગે ગોલ્ડ પ્લેટેડ, સિલ્વર ઓક્સોડાઈઝ્ડ, અમેરિકન ડાયમંડ, કુંદન, પોલ્કી, ઝિર્કોન, પર્લ, ટેરાકોટા, સિલ્ક થ્રેડ, મીનાકારી, જર્મન સિલ્વર જેવી ધાતુઓમાંથી તૈયાર કરવામાં આવે છે. આ ઘરેણાંઓ સમગ્ર ભારતમાં વેચાય છે.

તેમજ વેપારીઓ મારફતે ગલ્ફ દેશો, આફ્રિકા અને દક્ષિણ એશિયા, યુરોપના વિવિધ દેશોમાં નિકાસ કરવામાં આવે છે. ખાસ કરીને નવરાત્રિ, દિવાળી અને લગ્નની સિઝનમાં માંગ સૌથી વધુ રહે છે, જે પરંપરાગત રીતે વેચાણનો પિક ટાઈમ ગણાય છે.

સોનાથી સવાયું અને અસ્સલને ઓવરટેક કરતું રાજકોટનું ઇમિટેશન જ્વેલરી માર્કેટ

ઈમિટેશન જ્વેલરી મેકિંગમાં રાજકોટ ભારતમાં પ્રથમ અને સમગ્ર એશિયામાં બીજા નંબરે આવે છે. સંત કબીર રોડ, શિવશક્તિનગર અને પ્રજાપતિનગર જેવા વિસ્તારોમાં ઈમીટેશન જવેલરીના હજારો ઉત્પાદન એકમો ધમધમે છે. રાજકોટને એશિયાના સૌથી મોટા ઈમિટેશન જ્વેલરી માર્કેટ્સમાંનું એક માનવામાં આવે છે. પરંપરાગત રીતે, આ એકમો ઘરઆંગણે અથવા નાના વર્કશોપમાં કામ કરતા કુશળ કારીગરો પર આધારિત છે. દિનપ્રતિદિન મોંઘા થતા જતા સોનાએ ઈમિટેશન જ્વેલરીની ખપત વધારી છે. ત્યારે ઈમિટેશન જ્વેલરી એસોસીએશનના અંદાજ મુજબ રાજકોટ અને આસપાસના જિલ્લાઓમાં અંદાજિત ૫ લાખ થી વધુ લોકો ઈમિટેશન જ્વેલરીના નાના-મોટા કામ કરીને પોતાની રોજી-રોટી મેળવે છે. અંદાજિત ૩.૫ લાખ જેટલી મહિલાઓ આ વ્યવસાય સાથે સંકળાયેલી છે. રાજકોટના ઈમિટેશન જ્વેલરી ક્ષેત્રનો વાર્ષિક ટર્નઓવર અંદાજે ૩૫૦૦ કરોડની આસપાસ હોવાનું માનવામાં આવે છે.

ડિઝાઇનમાં નવીનતા અને બ્રાન્ડિંગ દ્વારા બજારમાં અલગ ઓળખ મજબૂત કરવી

રાજકોટ એમ.એસ.એમ.ઈ. (સૂક્ષ્મ, મધ્યમ અને લઘુ ઉદ્યોગો) સેકટરનું મહત્વનું અંગ એવા ઈમીટેશન જ્વેલરી ક્ષેત્રને વધુ વિકસિત કરવા માટે ડિઝાઈનમાં નવીનતા અને બ્રાન્ડિંગ દ્વારા બજારમાં અલગ ઓળખ મજબૂત કરવી,ઔપચારિક માધ્યમો, ગુણવત્તા પ્રમાણપત્રો અને વૈશ્વિક માર્કેટિંગ દ્વારા નિકાસ વધારવી, વેચાણ, સપ્લાય ચેઈન મેનેજમેન્ટ અને માર્કેટિંગ માટે ટેકનોલોજીનો માહત્તમ ઉપયોગ વગેરે જેવા વ્યૂહાત્મક પગલાંઓથી આ ક્ષેત્ર વધુ ઉજળું બનવાના સંજોગો ઉભા થયા છે

ખાસ લેખ-સોનલ જોષીપુરા, રાજ લક્કડ

સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત કેન્દ્રીય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે સોમનાથમાં બેઠક કરી

શૌર્ય યાત્રાના રૂટ શંખ સર્કલ થી હમીરજી ગોહિલ પ્રતિમા સહિત સોમનાથ પરિસરની પ્રત્યક્ષ મુલાકાત

મિતેશ પરમાર, વેરાવળ,

દ્વાદશ જ્યોર્તિલિંગમાંના પ્રથમ જ્યોર્તિલિંગની ભૂમિ પર વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તા.૧૦ અને તા.૧૧ મી જાન્યુઆરીના રોજ શ્રઈઉ૯;સોમનાથ સ્વાભિમાન પર્વશ્રઈઉ૯; માં સહભાગી થવા માટે પધારવાના છે, ત્યારે કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતજીએ વડાપ્રધાનશ્રીના સોમનાથ પ્રવાસ અને શૌર્ય યાત્રાના રૂટ સહિત વિવિધ કાર્યક્રમો અંગે સ્થળ સમિક્ષા કરી અન્ય તૈયારીઓની વિગતો મેળવી હતી.

કેન્દ્રીય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતજીએ સોમનાથ મહાદેવને શીશ ઝૂકાવ્યા બાદ સાગર દર્શન ખાતે એક બેઠક યોજી અને સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત તા.૮, ૯ અને ૧૦ના રોજ યોજાનાર વિવિધ કાર્યક્રમો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત અન્ય તૈયારીઓ વિશે ઝીણવટપૂર્વકની માહિતી મેળવી હતીસાગર દર્શન ખાતેની બેઠક પૂર્ણ થયા પછી કેન્દ્રીય મંત્રીશ્રીએ શૌર્ય યાત્રાના રૂટ શંખ સર્કલ થી હમીરજી ગોહિલ પ્રતિમા થી મંદિર પરિસર સહિતના સ્થળોએ મંત્રીશ્રીઓ તેમજ વરિષ્ઠ અધિકારીઓ સાથે રૂટ નિરીક્ષણ કર્યું હતું. કેન્દ્રીય મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતજી એ જણાવ્યું હતું કે, બાર જ્યોર્તિલિંગમાંનું પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ એ દેશના કરોડો લોકો માટે આસ્થાનું પ્રતીક છે. સોમનાથ એ અવિનાશી-શાશ્વત સનાતન સંસ્કૃતિ અને અતૂટ આસ્થાનું પ્રતિક છે.

તલવારની તાકાત પર સનાતનને મિટાવવાની કોશિશ કરવામાં આવી હતી પરંતુ એમાં નિષ્ફળતા મળી અને સનાતનની શક્તિમાં ઉત્તરોતર વધારો થતો રહ્યો છે.

ગઝનવીએ સોમનાથ પર આક્રમણ કર્યું પરંતુ વિદ્વંશ સામે નિર્માણની તાકાત જીતી ગઈ, સોમનાથ પર આટઆટલા આક્રમણ પછી પણ એ સનાતન, અખંડ અને અવિનાશી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોથી ભવિષ્યની પેઢીને પણ સનાતન સંસ્કૃતિની-ભારતની પ્રાચીન ધરોહર ની ઓળખ મળે, વીરોના બલિદાન યોગદાનની ગાથા ની જાણકારી મળે એ દિશામાં કાર્ય થઈ રહ્યું છે. એમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. સોમનાથ પર ગઝનવીના આક્રમણના ૧૦૦૦ વર્ષ અને મંદિર જીર્ણોદ્ધારના ૭૫ વર્ષનો સુભગ સમન્વય સધાયો છે. જે તાકાતો એ ભારતમાં અવિનાશી ચેતનાને મિટાવવાની કોશિશ કરી હતી, એમના પ્રયાસો સદંતર નિષ્ફળ રહ્યાં. આમ સોમનાથ એ અતૂટ આસ્થાનું કેન્દ્ર અને સાંસ્કૃતિક ધરોહરોનું પુનઃ જાગરણનું કેન્દ્ર બન્યું છે.ઉલ્લેખનીય છે કે;સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત તા.૦૮, ૦૯ અને તા.૧૦ દરમિયાન ત્રિદિવસીય મહોત્સવમાં રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો સહિત શૌર્ય યાત્રાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

'મેઈડ ઈન રાજકોટ' :ભારતનું સૌથી મોટું એન્જિનિયરિંગ ઉદ્યોગનું હબ રાજકોટ

હાલ રાજકોટમાં ૧૪ જી.આઈ.ડી.સી. ૫૫ હજારથી વધુ એન્જિનિયરિંગ એકમો

રાજકોટ,

રાજકોટ એ માત્ર રંગીલું, મોજીલું શહેર નથી, પરંતુ રાજકોટે અનેક સફળ ઉદ્યોગકારો પણ આપ્યા છે. ઉદ્યોગ સાહસિકતા, ટેકનોલોજી, ઈનોવેશન અને ઔદ્યોગિક નીતિના પરિણામે માત્ર ભારત જ નહીં પરંતુ અમેરિકા, યુરોપ, આફ્રિકા, ઈસ્ટ એશિયા, મિડલ ઈસ્ટ સહિતના અનેક દેશમાં 'મેઈડ ઈન રાજકોટ' પ્રોડક્ટ્સ એક્સપોર્ટ્સ થાય છે.

રાજકોટ એટલે ઓટો અને મશીન ટૂલ્સ એન્જિનિયરિંગ ઉદ્યોગનું હબ. જેમાં હાલ ૫૫ હજારથી વધુ માઈક્રો, સ્મોલ અને મીડિયમ ઈન્ડસ્ટ્રીઝ જોડાયેલી છે. રાજકોટની પહેલી જી.આઈ.ડી.સી. વર્ષ ૧૯૬૧ માં ભક્તિનગર સ્ટેશન વિસ્તારમાં સ્થપાયેલી. ઔદ્યોગિક ક્ષેત્રે વ્યાપ વધતા સમયાંતરે આજી ઈન્ડસ્ટ્રીઝ, શાપર વેરાવળ, મેટોડા, લોધીકા, બામણબોર, ખીરસરા સહીત રાજકોટના નજીકના વિસ્તારમાં ઈન્ડસ્ટ્રીયલ ઝોન ઉમેરાતા ગયા. રાજકોટની ઓટો એન્જિનિયરિંગ ઈન્ડસ્ટ્રીઝ પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે તેની ક્ષમતા સાબિત કરી ચુકી છે. રાજકોટમાં બનતા પાર્ટસ અમેરિકન ટેસ્લા, જર્મન મર્સીડીઝ, જાપાની સુઝુકી મોટર્સ સહીત ઈસ્ટ એશિયા, લેટિન અમેરિકા, આફ્રિકા, મિડલ ઈસ્ટ, બાંગ્લાદેશ સહિતના દેશમાં પ્રભુત્વ જમાવ્યું છે.ભારતના સૌથી મોટા એવા રાજકોટના એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ પાંચાણીએ આ સફળતા માટે ઉદ્યોગ સાહસિકોની ૬૫ વર્ષની મહેનત સાથોસાથ ભારત સરકારનો પ્રોએક્ટીવ અભિગમ, ઔદ્યોગિક નીતિ અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિકસિત ગુજરાત થી વિકસિત ભારતનો અભિગમ કારણભૂત હોવાનું જણાવ્યું હતું.

છેલ્લા બે દાયકાથી રાજકોટ શહેર આંતરરાષ્ટ્રીય સ્તરે મહત્વપૂર્ણ ઔદ્યોગિક હબ તરીકે વિકસી રહ્યું છે. આ ગ્રોથ અંગે તેમને જણાવ્યું હતું કે, હવેના ઉદ્યોગકારોએ આધુનિક ટેકનોલોજીના સહારે લાંબી હરણફાળ ભરી છે. ક્વોલિટી, ઈન ટાઈમ મેનેજમેન્ટ અને સ્કિલ ડેવલોપમેન્ટ થકી વિશ્વની કંપનીઓનો ભરોસો ઓટો ઈન્ડસ્ટ્રીઝે મેળવ્યો છે. ડીઝલ એન્જિનથી શરૂ થયેલ ઔદ્યોગિક સેક્ટર હવે ગ્લોબલ પ્રભુત્વ ધરાવે છે. તેઓએ ગૌરવ સાથે જણાવ્યું હતું કે રાજકોટના ૫૦ ટકા જેટલા એકમો એક્સપોર્ટ કરી રહ્યા છે.

રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખશ્રી નરેન્દ્રભાઈ પાંચાણીએ જણાવ્યું હતું કે પ્રિ વાઈબ્રન્ટ સમિટ - ૨૦૨૩ અંતર્ગત મોરબી સિરામિક એસોસિએશન અને રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશન વચ્ચે રૈ થવાથી બંને ઉદ્યોગોને વેગ મળ્યો છે. સિરામિક ઉદ્યોગને જરૂરી મશીનરી રાજકોટમાં નિર્માણ થઈ રહી છે. આથી મશીનરીની આયાત બંધ થતાં દેશનું હૂંડિયામણ પણ બચાવી શકાયું છે. રીજનલ કોન્ફરન્સ રાજકોટ ખાતે યોજાઈ રહી છે, ત્યારે ભારતનું સૌથી મોટું એન્જિનિયરિંગ ઉદ્યોગ હબ રાજકોટ બિઝનેસની તક ઝડપી લેવા આતુર છે.

-આલેખન : રાજકુમાર

સોમનાથમાં વડાપ્રધાનનાં આગમન પૂર્વે સમુદ્રમાં સાગર સુરક્ષા કવચની કવાયત

વહાણોમાં માછીમારોના ડોકયુમેન્ટની તપાસ, જાગૃતતા તપાસવા મોકડ્રીલ

વેરાવળ,

સોમનાથમાં વડાપ્રધાનના આગમન પૂર્વે સમુદ્રમાં સાગર સુરક્ષા કવચની કવાયત હાથ ધરવામાં આવી હતી. વહાણોમાં માછીમારોના ડોકયુમેન્ટની તપાસ તેમજ જાગૃતતા તપાસવા મોકડ્રીલ યોજાઈ હતી.સોમનાથ મહાદેવ મંદિરે ભારતના વડાપ્રધાન અને સોમનાથ મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્રભાઈ મોદી તા. ૧૦ અને ૧૧ જાન્યુઆરીના આવી રહ્યા હોય ગીર સોમનાથ જિલ્લાના ૧૧૦ કિ.મી. લાંબા દરિયામાં ગઈકાલે સવારના આઠથી શરૂ થયેલ સાગર સુરક્ષા કવચની સતર્ક-સજાગ કવાયત આજે રાત્રે ૮ વાગ્યે પૂર્ણ થઈ હતી.સાગર સુરક્ષા કવચમાં ગીર સોમનાથ પોલીસ અને તેની એસઓજી, એલસીબી, ફિશરીઝ વિભાગ, બંદર વિભાગ, કોસ્ટગાર્ડ, સોમનાથ મંદિર સુરક્ષા પોલીસ અને જિલ્લાની સલામતી શાખાઓ જોડાઈ હતી. સાગર સુરક્ષા કવચ એ ફરજ ઉપરના જવાનો સતર્ક અને સાબદા રહે તેની ચકાસણી, મોકડ્રીલ અને કંઈ ક્ષતિ કે માર્ગદર્શન જરૂરી હોય તો સુરક્ષા વધુ સુદ્રઢ અને લોખંડી બનાવવા કરાતી હોય છે. સાગર સુરક્ષા કવચમાં દરિયામા વહાણોના માછીમારોના ડોકયુમેન્ટ તપાસવા-ઓળખ જોવી અને શંકાસ્પદ જેવુ કઈ લાગે તો પુછરપરછ કરવી તેમજ જાગૃતતા તપાસવા મોકડ્રીલનું આયોજન કરાતુ હોય છે.

સ્વાભિમાન પર્વમાં શિવ ભક્તોને આવકારવા સોમનાથ સજજ: જય સોમનાથના નાદ સાથે તૈયારીઓ પૂર્ણ

સોમનાથ મંદિર તેમજ આસપાસના વિસ્તારમાં રોશની અને સુશોભન સાથે શિવ આરાધના

મિતેશ પરમાર, વેરાવળ,

સોમનાથ સ્વાભિમાન પર્વ, અતૂટ આસ્થાના ૧૦૦૦ વર્ષ નિમિત્તે સોમનાથમાં આજ તા.૮ થી તા.૧૦ જાન્યુઆરી ૨૦૨૬ સુધી સ્વાભિમાન પર્વની શ્રદ્ધાભેર ઉજવણીનો પ્રારંભ થયો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તા.૧૦-૧૧ જાન્યુઆરીના રોજ સોમનાથમાં સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે ઉપસ્થિત રહેશે. સોમનાથ સ્વાભિમાન પર્વની પૂર્વ સંધ્યાએ રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સમગ્ર સોમનાથ વિસ્તારમાં તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શનમાં સોમનાથ સ્વાભિમાન પર્વ નિમિત્તે વિવિધ વ્યવસ્થા અને લોકો માટે સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. વિવિધ વિભાગના સચિવ અને તેમજ પ્રશાસનના અધિકારીઓ દ્વારા સ્વાભિમાન પર્વની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોમાં વ્યવસ્થાઓ જળવાઈ રહે તે માટે વિવિધ ટીમો બનાવીને કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.

તા.૭ જાન્યુઆરી-૨૦૨૬ના રોજ રાત્રે સોમનાથના વિવિધ માર્ગો ખૂબ જ સુંદર રીતે રોશની અને આધ્યાત્મિક ચેતનાના પ્રતિકો સાથે શણગારવામાં આવ્યા હતા. ત્રિવેણી રોડ, હમીરસિંહ સર્કલ, શંખ સર્કલ, ભીડીયા પાટણ રોડ તેમજ સર્કિટ હાઉસ રોડ અને સોમનાથ મંદિર વિસ્તાર માર્ગ સુશોભન, રોશની, શિવ આરાધના ના ચિત્રો, ધજાઓ, રોડ પર શિવજીની મૂર્તિઓ સહિત વિવિધ તૈયારીઓથી સમગ્ર સોમનાથ સજજ થયું છે. સમગ્ર ગુજરાતમાંથી શિવ ભક્તો ટ્રેન અને બસ મારફતે સોમનાથ આવી રહ્યા છે ત્યારે ત્રણ દિવસના અખંડ ઓમકાર મંત્રોચ્ચારથી સોમનાથનું વાતાવરણ અલૌકિક અનુભૂતિ સાથે દિવ્યમય બન્યું છે. ૧૦૨૬ થી ૨૦૨૬ સંઘર્ષ, શોર્યતા, વીરતા, સ્વાભિમાન અને અતૂટ શ્રદ્ધાના ૧૦૦૦ વર્ષ સાથે સ્વાભિમાન પર્વનો આ સંદેશ નવી પેઢીમાં ભારતની શાશ્વત સનાતન સંસ્કૃતિની ગાથાને આત્મસાત કરવાની પ્રેરણા આપે છે.

સોમનાથ મંદિર તેમજ આસપાસના વિસ્તારમાં રોશની અને સુશોભન સાથે શિવ આરાધના

વેરાવળ,

સોમનાથ સ્વાભિમાન પર્વ, અતૂટ આસ્થાના ૧૦૦૦ વર્ષ નિમિત્તે સોમનાથમાં આજ સ્વાભિમાન પર્વની શ્રદ્ધાભેર ઉજવણીનો પ્રારંભ થયો છે.સોમનાથ સ્વાભિમાન પર્વની પૂર્વ સંધ્યાએ રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સમગ્ર સોમનાથ વિસ્તારમાં તમામ તૈયારીઓ પૂર્ણ કરવામાં આવી છે.

રાત્રે સોમનાથના વિવિધ માર્ગો ખૂબ જ સુંદર રીતે રોશની અને આધ્યાત્મિક ચેતનાના પ્રતિકો સાથે શણગારવામાં આવ્યા હતા. ત્રિવેણી રોડ, હમીરસિંહ સર્કલ, શંખ સર્કલ, ભીડીયા પાટણ રોડ તેમજ સર્કિટ હાઉસ રોડ અને સોમનાથ મંદિર વિસ્તાર માર્ગ સુશોભન, રોશની, શિવ આરાધના ના ચિત્રો, ધજાઓ, રોડ પર શિવજીની મૂર્તિઓ સહિત વિવિધ તૈયારીઓથી સમગ્ર સોમનાથ સજજ થયું

છે. સમગ્ર ગુજરાતમાંથી શિવ ભક્તો ટ્રેન અને બસ મારફતે સોમનાથ આવી રહ્યા છે.

ત્યારે ત્રણ દિવસના અખંડ ઓમકાર મંત્રોચ્ચારથી સોમનાથનું વાતાવરણ અલૌકિક અનુભૂતિ સાથે દિવ્યમય બન્યું છે. ૧૦૨૬ થી ૨૦૨૬ સંઘર્ષ, શોર્યતા, વીરતા, સ્વાભિમાન અને અતૂટ શ્રદ્ધાના ૧૦૦૦ વર્ષ સાથે સ્વાભિમાન પર્વનો આ સંદેશ નવી પેઢીમાં ભારતની શાશ્વત સનાતન સંસ્કૃતિની ગાથાને આત્મસાત કરવાની પ્રેરણા આપે છે.